૧૫૮૦૯-૧૬૦૫૭

નિયામક

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ૦૧ /૧૨/૨૦૨૦

પ્રતિ;
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

**વિષયઃ નિષ્ઠા શિક્ષક તાલીમમાં ન જોડાયેલ પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમમાં જોડવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે એમ.એચ.આર.ડી. અને એન.સી.ઇ.આરટીની સૂચના અને માર્ગદર્શન હેઠળ જીસીઇઆરટી દ્વારા નિષ્ઠા શિક્ષક તાલીમના 18 કોર્સનું આયોજન તા. 5 ઓકટોબર 27 નવેમ્બર 2020 દરમિયાન કરવામાં આવેલ હતું. રાજયના 85 થી 90% શિક્ષકોએ આ તાલીમ સફળતાપૂર્વક મેળવેલ છે. હજુ પણ કેટલાંક શિક્ષકો આ તાલીમ કોઇને કોઇ કારણસર મેળવી શક્યા નથી તે બાબતને ધ્યાને લેતાં તેમજ કોઇપણ શિક્ષકો નિષ્ઠા તાલીમથી વંચિત ન રહે તેવા હેતુસર તમામ 18 તાલીમ મોડયુલ નિષ્ઠા ઓન દીક્ષા કોર્સ સ્વરૂપે દીક્ષા પ્લેટફોર્મ પર તારીખ 01 ડિસેમ્બર થી 31 ડિસેમ્બર 2020 ના સમયગાળા માટે ફરી શરૂ કરવાનું નકકી થયેલ છે. *આ તાલીમમાં સરકારી, ગ્રાન્ટેડ, કે.જી.બી.વી, આશ્રમશાળા, કેન્દ્રિય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા અને સૈનિક શાળાના* ***તેમજ ખાનગી શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકો જોડાઇ શકશે.***

આ તાલીમમાં શિક્ષકો https://diksha.gov.in/explore ના માધ્યમથી જોડાઇ શકશે. તેમજ નિષ્ઠા ઓન દીક્ષા કોર્સમાં લોગીન થવા માટેની સમજ આપતો તેમજ સેલ્ફ ડિકલેરેશન ફોર્મ ભરવા અંગેની સમજ આપતો વીડીયો બાજુમાં આપેલ QR કોડને સ્કેન કરતાં જોઇ શકાશે.

આ.જે. ક્રમાંક ૧૨૫૨૭
તા. ૩/૧૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ શાળાઓ તરફ ...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

## નિષ્ઠા શિક્ષક તાલીમનો અંતિમ તબક્કો (તમામ મોડયુલ)

**તારીખ 01 ડિસેમ્બર થી 31 ડિસેમ્બર 2020**

**લક્ષ્યજૂથ**

**નિષ્ઠા ઓન દીક્ષા કોર્સના 18 તાલીમ મોડયુલની તાલીમમાં ન જોડાયેલ કે કેટલાક મોડયુલ બાકી હોય તેવા શિક્ષકો અને મુખ્ય શિક્ષકો માટે**

ડિસેમ્બર માસમાં આયોજિત આ અંતિમ તબક્કામાં નિષ્ઠા તાલીમના 18 તાલીમ મોડયુલ પૈકી તમામ અથવા બાકી રહેતા મોડયુલની તાલીમમાં શિક્ષકો અને મુખ્ય શિક્ષકો દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી જોડાઇ શકશે.

**આપના જિલ્લાના 100% શિક્ષકો નિષ્ઠા તાલીમ પ્રાપ્ત કરે તે હેતુસર જે શિક્ષકો નિષ્ઠા શિક્ષક તાલીમમાં ન જોડાયા હોય તેને આ સમયગાળામાં જોડવવા જરૂરી સૂચનાઓ આપની કક્ષાએથી આપવા તેમજ જિલ્લાકક્ષાએ તેના સુચારું સંચાલન અને જરૂરી આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.**

આ સાથે ઉકત તમામ મોડયુલની વધુ સ્પષ્ટ સમજ કેળવાય તેવા આશયે બાયસેગ સપૉટ પણ આપવામાં આવનાર છે. તેનો પણ તાલીમમાં જોડાનાર શિક્ષકો લાભ મેળવે તે સુનિશ્ચત કરશો.

**બાયસેગ પ્રસારણનો સમય ગાળો**

| મોડ્યુલનું ક્રમ | મોડ્યૂલનું નામ | તારીખ | બાયસેગથી પ્રસારણ |
|---|---|---|---|
| 1 | અભ્યાસક્રમ અને સમાવેશી વર્ગખંડો | 01-12-20 | 11-00 to 12.00 |
| 2 | સામાજિક અને વ્યકિતગત ગુણોનો વિકાસ અને સલામત અને સ્વસ્થ શાળા પર્યાવરણનું નિર્માણ | 02-12-20 | 11-00 to 12.00 |
| 3 | શાળામાં સ્વાસ્થ્ય અને આરોગ્ય સુખાકારી | 03-12-20<br>04-12-20 | 11-00 to 12.00<br>11-00 to 12.00 |
| 4 | અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં જાતિગત શિક્ષણનું સમાવેશન | 07-12-20 | 11-00 to 12.00 |
| 5 | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકનમાં ICT નું સંકલન | 08-12-20 | 11-00 to 12.00 |

| મોડ્યુલનું ક્રમ | મોડ્યુલનું નામ | તારીખ | બાયસેગથી પ્રસારણ |
|---|---|---|---|
| 6 | કલા સંકલિત શિક્ષણ | 09-12-20 | 11-00 to 12.00 |
| 7 | શાળા આધારિત મુલ્યાંકન | 10-12-20 | 11-00 to 12.00 |
| 8 | પર્યાવરણનું પદ્ધતિશાસ્ત્ર | 11-12-20 | 11-00 to 12.00 |
| 9 | ગણિતનું પદ્ધતિશાસ્ત્ર | 14-12-20 | 11-00 to 12.00 |
| 10 | સામાજિક વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર | 15-12-20 | 11-00 to 12.00 |
| 11 | ભાષાઓનું પદ્ધતિશાસ્ત્ર | 16-12-20 | 11-00 to 12.00 |
| 12 | વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર | 17-12-20 | 11-00 to 12.00 |
| 13 | શાળા નેતૃત્વ | 18-12-20 | 11-00 to 12.00 |
| 14 | શાળા શિક્ષણમાં પહેલ | 21-12-20 | 11-00 to 12.00 |
| 15 | પૂર્વ પ્રાથમિક શિક્ષણ | 22-12-20 | 11-00 to 12.00 |
| 16 | પૂર્વ વ્યાવસાયિક શિક્ષણ | 23-12-20 | 11-00 to 12.00 |
| 17 | કોવિડ-૧૯ની પરિસ્થિતમાં શાળા શિક્ષણના પડકારો | 24-12-20 | 11-00 to 12.00 |
| 18 | સી.એસ.એ. અને પોસ્કો | 28-12-20 | 11-00 to 12.00 |

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા અભિયાન
ગાંધીનગર

**નકલ સવિનય જાણ સારૂ:**

- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

**નકલ રવાના જાણ તેમજ શાળા મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવા સારૂ**

- સચિવશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર (બી.આર.સી./સી.આર.સી.ને શાળા મોનીટરીંગની સૂચના આપવા સારૂં)
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (ડાયેટ લેકચરરને શાળા મોનીટરીંગની સૂચના આપવા સારૂં)